ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૩-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી...'

પ્રગતિ અને વિકાસની માળા જપતો થયો ત્યારથી કાળા માથાનો માનવી એના સર્જનહાર સાથે સ્પર્ધા કરવા લાગ્યો છે. કુદરતે એને સારામાંનું મગજ આપ્યુ હતું. એણે એનો ઉપયોગ કુદરતનો નાશ કરવામાં કર્યો. કુદરતને નાથવાની કળા કારીગરી હસ્તગત કરી લીધા પછી એણે પોતાના સ્વાર્થ સિવાય બીજું કશું જ વિચાર્યું નથી. ઉત્ક્રાંતિના શરૂઆતના તબક્કામાં એ કુદરતથી ડરતો હતો. પ્રકૃતિપૂજાની શરૂઆત એના ભયને કારણે જ થઇ. પરંતુ જેમ જેમ સમજણ ખીલતી ગઇ તેમ તેમ માનવી બેફામ બનતો ગયો. જે પ્રકૃતિ તત્ત્વોને એ પૂજતો હતો એમનો ખુરદો બોલાવવા લાગ્યો. એની પાસે એક પછી એક વિનાશક હથિયાર આવતાં ગયા. એણે ઊંચા ઊંચા પહાડોને ખોદીને પોલા કરી મૂક્યા, વૃક્ષોનો સોથ વાળી દીધો, પ્રાણીઓનું નિકંદન કાઢી નાખ્યું. જાતે જ જગતકાજી બનીને એને બાકીની આખી સૃષ્ટિ - જડ, ચેતન, તમામ પોતાના ઉપભોગ માટે જ બનાવેલી છે એવી ઉદ્ઘોષણા કરી દીધી. શાસ્ત્રો રચીને એણે એના ફળદ્રુપ ભેજાની પેદાશ હોય એવી જ તરફદારી કરી ને! બાઇબલ અને કુરાન જેવા ગ્રંથોમાં ઇશ્વર કહે છે : 'હે માનવ, તું મારો જ અંશ છે. આ આખી સૃષ્ટિનું સમ્યક્ દોહન જ થવું જોઇતું હતું. માનવીએ તો એને નિર્દય થઇને ચૂંથી નાખી છે. સૃષ્ટિ ઉપરનું સૌથી હિંસક પ્રાણી છે આ ભુખાળવી માનવજાત. જીવસૃષ્ટિની હજારો પ્રજાતિઓ નેસ્તનાબૂદ થઇ ચૂકી છે. ડાઇનાસોર જેવાં મહાકાય પ્રાણીઓ વાતાવરણ સાથે તાલમેલ ન બેસાડી શક્યાં એથી નામશેષ થઇ ગયાં, પરંતુ ચિત્તો કે ચકલી અદૃશ્ય થયાં એ તો માણસની ક્રૂરતાને જ કારણે. આજે સિંહ અને વાઘવરૂ કે દીપડા જેવા વન્ય પ્રાણીઓના અસ્તિત્વ માટે જરૂરી જંગલ પાંખાં પડી ગયા છે. માણસે પ્રાણીઓનાં વાજબી હક્ક પર તરાપ મારી છે. જંગલો સાફ થતાં જાય છે. શરૂઆતમાં એ જંગલની જમીન ખેતીલાયક બનાવાય છે, પછી ત્યાં જ પાછું સિમેન્ટ-કોંક્રીટનું જંગલ ઊગી નિકળે છે. પ્રાણીઓ અને પક્ષીઓને માટે હિજરત કર્યા સિવાય બીજો વિકલ્પ જ નથી બચતો. થોડા દિવસ અગાઉ ગીર પંથકમાં બે સાવજ કોઇ ખેડૂતના વાડામાં ઘૂસી જઇ એનાં બળદનું મારણ કરી ગયા. એમને ખેડૂતના વાડા સુધી કેમ ખેંચાઇ આવવું પડ્યું હશે? આ મુદ્દે પ્રજા કે સરકાર ક્યારેક ગંભીરતા પૂર્વક વિચારે છે ખરી? વન્ય પશુને કુદરતે એના કાજે નિર્મેલો આહાર જંગલમાં ન મળી રહેતો હોય તો એ માનવ વસ્તીમાં પ્રવેશેલાનું સપને પણ ન વિચારે. પણ માણસે એના અધિકારનું અતિક્રમણ કર્યું છે. જંગલો કપાયાં, ડુંગરોમાંથી ખનિજ ખોદી કાઢવા માટે વિસ્ફોટક સુરંગો ગોઠવાઇ, ધડાકા થયા એથી ગભરૂ નાનાં પ્રાણીઓ ભયભીત થઇ ભાગવા લાગ્યાં. કેટલાંક માનવીનો જ શિકાર બની ગયા. એટલે નાછૂટકે પેટની લાય ઓલવવા બિચારા વાઘ કે સિંહ જેવા બળૂકા પ્રાણીને ગામમાં ઘૂસવું પડે છે. એ શેરડીના વાઢમાં લપાઇને બેસી રહે છે. અને પછી તક મળતાંની સાથે જે શિકાર મળે તેને ઝડપી લે છે. શહેરી વિસ્તારો વિસ્તરતા જાય છે. એમ ખેતરો કપાતાં જાય છે. પોપટ, હોલાં, અને ચકલાં જીવે તો જીવે કઇ રીતે? ભાત ભાતનાં પંખીઓ એમનું અસ્તિત્વ ટકાવવા હજારો માઇલનો પ્રયાસ કરીને આપણાં નળ સરોવર જેવાં અભ્યારણ્યોના આશ્રયે આવે છે. માણસમાં માણસાઇ હોય તો એણએ તો તે એમની પરોણાગત કરવી જોઇએ. એને ઠેકાણે એ શું કરતો હોય છે તે કહેવાની જરૂર ખરી? આપણા કવિએ બહુ યોગ્ય રીતે કહ્યું છે : 'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી; પશુ છે, પંખી છે, પુષ્પો : વનોની છે વનસ્પતિ.'

પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટીમાં ડો. મિલન મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સુનીતાબેન જીતેન્દ્ર લીલાણીને તાજેતરમાં 'કન્સ્ટ્રકશન ઓફ શેઝનીગ કેપ્સ્યુલસ એન્ડ સ્ટડી ઓફ ઈટ્સ ઈફએક્ટસ ઓન ધ સ્ટુડન્ટસ સ્ટડીંગ ઈન સ્ટાન્ર્ડ-૮' વિષય પર મહાશોધ નિબંધ લખી પીએચ.ડી. ની પદવી મેળવેલી છે. જેમાં ઉપરોક્ત વિષયનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાથમિક કક્ષાથી જ બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરવાનો છે. તેઓ ગાંધીનગર સિંધી સમાજના ઉપ પ્રમુખ સી.એમ. લીલાણીના પુત્રવધૂ થાય છે. તેમજ સિંધિ સમાજે પણ અભિનંદન પાઠવ્યા છે.

રાજ પ્રાથમિક શાળા અને શારદા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ યોજાયો

પાટનગરમાં આવેલ રાજ પ્રાથમિક શાળા, શારદા વિદ્યાલય, બી.બી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ તા. ૧૭ માર્ચને રવિવારના રોજ યોજાયો હતો. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાળાના વાર્ષિકોત્સવમાં કે.જી.થી લઈને ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને આ વિદ્યાર્થીઓએ સંસ્કૃત નાટક, ગુજરાતી નાટક, ગરબા, ડાન્સ, એક પાત્રીય અભિનય, નૃત્ય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત મહેમાનોનું મન મોહી લીધું હતું. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ટ્રસ્ટી ઈન્દ્રવર્ધન પંડ્યા, ટ્રસ્ટી બાબુભાઈ પટેલ, આચાર્ય શારદાબેન પટેલ, અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સર્ટી વિતરણ મહેમાનોના હસ્તે આપવામાં આવ્યા હતા. શાળા પરિવાર તરફથી કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સિદ્ધાર્થ લો કોલેજના સેમેસ્ટર પરીક્ષાના ફોર્મ ભરવા જોગ

ગાંધીનગર, તા. ૨૧

સિદ્ધાર્થ લૉ કૉલેજ ગાંધીનગરના આચાર્ય શ્રી ડૉ. દિલીપ એ મેવાડાએ જણાવેલ છે કે એપ્રિલ-૨૦૧૩માં યુનિવર્સિટી પરીક્ષા ફોર્મ સેમેસ્ટર-૧ની ફોર્મ ભરતારી છેલ્લી તા. ૨૮મી માર્ચ છે. સેમેસ્ટર-ચાર માટે તા. ૬ઠ્ઠી એપ્રિલ છે. તો તાકીદે ફોર્મ ભરી જયાં જણાવેલ છે. વધુ માહિતી કૉલેજ નોટિસ બોર્ડ પર છે.

એસ.એસ. બી.એડ કોલેજ ઈન્ટરવ્યુ માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

એસ.એસ. બી.એડ. કોલજના હોલમાં ઈન્ટરવ્યુ માર્ગદર્શન શિબિર યોજાઈ ગઈ.

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત સેકટર-૨ ઉમાં આવેલ એસ.એસ. પટેલ ગુજરાતી બી.એડ. કોલેજ દ્વારા ઈન્ટરવ્યુ માર્ગદર્શન શિબિર યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી વર્ગ ૧-૨, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં થતા ઈન્ટરવ્યુ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુખ્ય અતિથિ તરીકે ગૌણ સેવા પસંદગી મંડળના નિવૃત્ત અધિકારી અશ્વિનભાઈ દવેએ વિદ્યાર્થીઓનમે માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ઈન્ટરવ્યુની સંકલ્પના, સજ્જના, જનરસ નોલેજ વગેરે વિશે વિસ્તારથી માહિતી આપી હતી. આ પ્રસંગે ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. વીણાબેન પટેલ, બી.એડ. કોલેજના આચાર્યા જીજ્ઞાશાબેન જોશી વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

ઉમા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સાહિત્ય પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ઉમાં આવેલી ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં તાજેતરમાં 'સંસ્કૃત સાહિત્ય પરંપરામાં નૈતિક મૂલ્યો અને માનવ અધિકારોની અભિવ્યક્તિ' વિષય પર તજજ્ઞોના વ્યાખ્યાનો તથા શોધપત્રો માણ્યા હતા. ઉદ્ઘાટન સત્રમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ડી.ટી. કાપડિયા, નાગપુરમાં આવેલી કવિ કુલગુરુ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. યુ.જી.સી. દ્વારા અનુદાનિત એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં ૧૫૦ જેટલા અધ્યાપકોએ ભાગ લઈ 'સંસ્કૃત સાહિત્ય પરંપરામાં નૈતિક મૂલ્યો અને માનવ અધિકારોની અભિવ્યક્તિ' વિષય પર તજજ્ઞોના વ્યાખ્યાનો તથા શોધપત્રો માણ્યા હતા. ઉદ્ઘાટન સત્રમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ડી.ટી. કાપડિયા, નાગપુરમાં આવેલી કવિ કુલગુરુ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. ઉમા વૈદ્ય, દિલ્હીના પદ્મશ્રી એવોર્ડ વિજેતા ડૉ. રમાકાન્ત શુકલ, ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના ડાયરેક્ટર તથા સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વસંતકુમાર ભટ્ટ અને ઈસ્કોન મંદિર બરોડાના પ્રમુખ શ્રી બાસુ ઘોસદાસ તથા સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના ડૉ. નરેન્દ્ર પંડ્યાએ નૈતિક મૂલ્યોને અનુલક્ષીને મનનીય વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. પરિસંવાદમાં ૭૦ જેટલા અધ્યાપકોએ શોધપત્રો રજૂ કર્યા હતા. સમાપન સત્રમાં રાષ્ટ્રપતિ દ્વારા સન્માનીત ડૉ. વિજય પંડ્યા તથા ડૉ. હર્ષદેવ માધવે માનવજીવનમાં નૈતિક મૂલ્યોના મહત્વ વિશે મનનીય વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. સંસ્થાના આચાર્યા ડૉ. અમૃતાબેન પટેલ, સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. યોગિની વ્યાસે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થાના અધ્યાપકો, વહીવટી સ્ટાફ અને વિદ્યાર્થીઓનો અને સેવા ગણનો જરૂરી સહકાર મળ્યો હતો.

ગુજરાતનું ગૌરવ વિદ્યાર્થી જય મહેતા રાયફલ શુટીંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાને

ગણપત યુનિવર્સિટી, ખેરવાના ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગના વિદ્યાર્થી અને ગાંધીનગરના રમતવીરશ્રી જય મહેતાએ ૪૯મી ગુજરાત સ્ટેટ એર રાયફલ શુટીંગ ચેમ્પીયન શીપ ૨૦૧૨માં ૧૦ મીટર એર રાયફલ શુટીંગ સ્પર્ધામાંપ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યોછે. આ રીતે ગુજરાતનું રાષ્ટ્રીયકક્ષાએ ગૌરવ વધાર્યું છે. શ્રી જય મહેતા અગાઉ પણ ૬ ગોલ્ડ, બે સિલ્વર અને ૧ બ્રાન્ઝ મેડલ સાથે વિજેતા થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ એન.સી.સી. વિંગ દ્વારા પણ તેઓ બેસ્ટ કેડેટ તરીકે તથા પ્રજાસત્તાક પર્વના દિલ્હી ખાતે યોજાયેલ પરેડમાં પણ ગુજરાત બટાલીયનમાંથી બેસ્ટ કેડેટ તરીકે પસંદ થયા હતા. ઉચ્ચ અધિકારીઓ તથા રમતગનત વિભાગના કોચ અને અધ્યાપકોએ શ્રી જય મહેતાને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી છે.

ગાંધીનગર સરકારી આર્ટસ કોલેજના સમાજશાસ્ત્ર વિભાગે વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫માં આવેલી સરકારી આર્ટસ કોલેજના સમાજસાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ તાજેતરમાં ક્રિશ્ના વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી.

સરકારી આર્ટસ કોલેજના એમ.એ. સેમિસ્ટર બે અને ચારના વિદ્યાર્થીઓ સાથે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ એ.એચ. ભાગવત રૂકસાનાબેન, રીટાબેન અને સોનલબેને તાજેતરમાં ગાંધીનગરના સેક્ટર-૬માં આવેલા ક્રિશ્ના વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વૃદ્ધો સાથે ચર્ચા-ગોષ્ઠી યોજાઈ હતી. વૃદ્ધાશ્રમો અંગે તેમના વિચારો જાણ્યા હતા. વિદ્યાર્થીઓએ પ્રશ્નાવલિના આધારે વડીલો પાસેથી વૃદ્ધત્વ, વૃદ્ધાશ્રમ અંગેનો ખ્યાલ, વૃદ્ધાશ્રમની સગવડો, બદલાતા સામાજિક મૂલ્યો અને વૃદ્ધાશ્રમ વ્યવસ્થા વિશેનાં મંતવ્યો જાણ્યા હતા. વડીલો સાથેની મુલાકાત દરમિયાન વડીલો વૃદ્ધોનો તથા સંચાલકનો યોગ્ય સહકાર મળી રહ્યો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત સી.એમ. નર્સીંગ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ એ.વી.એડ્ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષય પર વિવિધ મોડલો રજૂ કર્યા હતા. આ પ્રદર્શનનું આયોજન આચાર્યા રવિનાબેન, પ્રા. ફાલ્ગુની મોદી, પ્રા. આશા પટેલ, પ્રા. પ્રેક્ષા પટેલ, માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

હાસ્ય કવિઓનું હુલ્લડ..!! અબ તો સારી દૂનિયાને યે માના, હિંદુસ્તાન હૈ મોદી કા દિવાના..!!

ગુજરાત વિધાનસભામાં લોકપ્રતિનિધિત્વ કરતાં આપણાં ધારાસભ્યો દિવસભરની ભાંજગડમાંથી રાહત મેળવે અને હસીને હળવા થાય એની ભાવનાથી ગુજરાત સરકારનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનાં સચિવ શ્રી ભાગ્યેશ જહા કે જેઓ પોતે એક મોજ પમાડે એવાં કવિ છે. એમણે અને હિન્દી સાહિત્ય અકાદમીનાં મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી કે જેઓ ગુજરાતી સાહિત્ય જગતનાં ઊંચા ગજાનાં કવિ છે. એમણે હાથ મિલાવીને આ હિન્દી હાસ્ય કવિઓનાં હુલ્લડનો જલસો કરાવી દીધો...

'જીતની ઈમાનદારી ઉતને હી લીગ ઈસ હૉલમેં બેઠે હૈ,' જેવી માર્મિક ટકોરથી ટીવીનાં અવનવી મનોરંજક ચેનલ પર બધાંને દાંત કઢાવતાં કલાકાર અને આ કાર્યક્રમનાં સૂત્ર સંચાલક અલબેલા ખત્રીએ શરૂઆત કરાવી...

ખામોશ સમંદરમે એક લહર ઉઠાની હૈ
સદીયોં કે કહાની અબ લમ્હોંમે બતાની હૈ

નિમંત્રિત હાસ્યકવિનું પુષ્પ અને પુસ્તકથી સ્વાગત મા. મંત્રીશ્રી રમણલાલ વોરાએ કર્યું હતું અને કવિ પૂનમ વર્માએ 'જો અજ્ઞાનતા સે મુઝે તાર દે મા' ની પ્રાર્થના સહ આ મસ્ત કાર્યક્રમની શરૂઆત કરી...

સરકારના હાસ્ય કવિના બજેટ અનુસાર ૮ કવિ ફીટ થતાં હશે એટલે એટલાં બોલાવેલાં, આપણેય એક બાદ એક કવિને માણી લઈએ.

૧. શ્રી કિરણ ચૌહાણ (સુરત) : ગઝલમાં હાસ્ય ઉમેરી હઝલ લખનારાં સુરતનાં યુવા કવિ સર્જક કિરણ ચૌહાણ જો મારી ભૂતનાં થતી હોય તો મોરારીબાપુની ગાંધીનગરની કથા વખતેય કવિઓનાં મુશાયરામાં હતા. 'ફાંફા ના માર' ગઝલ સંગ્રહ અને 'સ્મરણોત્સવ' ગઝલ સંગ્રહ લખનારાં આ યુવા કવિની કાર્યક્રમમાં પસંદ પડેલી પંક્તિઓ...

અહીં બધાં મજામાં, બેઠાં જેમ ઉગરી જવાનાં હોઈએ
આ પ્રમાણે બેઠાં બધાં સત્સંગમાં જાણી સુધરી જવાનાં હોઈએ.
રહી રહીને ખુરશી બોલી તમે ખુબ વજનદાર છો,
પણ, તમારૂં આજકાલ વજન ક્યાં પડે છે?
એ જ કારણથી અકળાય છે, બોચી,
જીભ ભૂલ કરે, આંખ ભૂલ કરે ને ટીપાય છે બોચી.

ગુજરાતનાં આ એકમાત્ર ગુજરાતી કવિને કાં તો ઓછા રૂપિયામાં બોલાવ્યાં હશે એટલે ઓછું બોલ્યા કે પછી એકાદી હિન્દી કવિ આ બજેટમાં નહીં મળ્યો હોય, એટલેય ઓછું બોલ્યા, એ કાં તો ઓળખાણથી એન્ટ્રી મારી હોય એટલે જેટલો વકરો એટલો નફો એવુંય હોય,

૨. અતૂલ જવાલા (ઈન્દોર) : ચહેરા પરથી ટેન્સન વાળા લાગતાં આ કવિએ આવતાવેંત કહ્યું કે બાત ટેન્શન કી નહીં એટેન્શન કી હૈ. એણે એની ખખડધજ 'ચેસીસ' એટલે કે બોડીને વખતે વચ્ચે રાખી સતત સૌને હસતાં રાખ્યાં, 'મૈં તાલીઓસે ચલને વાલા ખીલૌના હું' કહી એની સેન્સ ઑફ હ્યુમરની પ્રતિતિ કરાવી.

ગુજરાત લોકોની લાક્ષણિકતાઓને ધ્યાને રાખે ભરપૂર હાસ્ય પેદા કર્યું, સરકારી સ્કીમોનો લાભ લેવા એક દીકરીનાં પિતાએ બીજી દીકરી લાવવાની જોક પર સૌ વારી ગયાં... પત્ની આયુર્વેદની દવા જેવી છે, ધીમે ધીમે અસર કરીને લાંબી ચાલે, જયારે પ્રેમિકા એલોપેથીક જેવી છે. તરત અસર કરે પણ એની સાઈડ ઈફેક્ટ ઘણી હોય છે... અનેક રોજીંદી ઘટનાઓની આસપાસ અસ્સલ ઈન્દૌરી હિન્દીમાં કવિ છવાઈ ગયા...

૩. પ્રેરણા ઠાકરે (નિમ્બા હેડા) : યુવાન કવિયત્રીએ આવતાંવેંત અગાઉનાં કવિ અતુલની ફિરકી લેતાં કહ્યું કે, 'એ મેળામાં ગયો અને ખોવાઈ ગયો, પત્નીએ પોલીસમાં ફરિયાદ નોંધવી છે કે ૬ ફુટ ઊંચો, હેન્ડસમ, દેખાવમાં ઋત્વિક જેવો, ક્રેડીટ કાર્ડ ભરેલું પાકીટ વાળો પતિ ગુમ થઈ ગયો, તો એની બહેનપણીએ કીધું કેમ આવું ખોટું લખાવે છે, કે યાર ભંગાર થયો, હવે નવો આવે એ તો સુંદર આવે ને?'

યુવાન મહિલાને ઘણાં બધાં લોકોને સીટ ઑફર કરી પણ પેલી બહેન બેસી નહીં તો એક ડોશીએ કહ્યું બેસી જા બેટા. ૧૦ વર્ષ પછી તો તારેય બોનેટ પર જ બેસવું પડશે.... હળવી વાતોથી હાસ્ય ઉપજાવ્યા બાદ અલબેલા ખત્રી અને પ્રેરણા ઠાકરેએ શાયરીઓનાં પ્રશ્નો - જવાબનો મારો ચલાવી મજા કરાવી દીધો...

વૉ આયેં હમારી કબ્ર પર, સિગારેટ જલા કર ચલે ગયે,
દિયે મેં થોડા તેલ બચા થા, અપને બાલો પે લગા કર ચલે ગયે,
મુઝે તેરા પ્યાર ભી સ્વિકાર હૈ, મેરા દિલ તેરે લીયે બેકરાર હૈ
જીસ દિન મેરા તુમ્હારા રિશ્તા હોગા, વો રક્ષાબંધન ત્યૌહાર સ્વિકાર હૈ
યે ફેશન કા દૌર હૈ, લકડી હૈ મોર્ડન
સેંકડો બૉયફ્રેન્ડ હૈ, લકડીયા બડી ટ્રેન્ડ હૈ

પ્રેમની શેરે શાયરી પરથી અચાનક વિર રસ પર ઉતરી આ પ્રેરણાએ બાળ ઠાકરે જેવી જલદ વાણીમાં દેશભક્તિની રચનાઓ લલકારી હતી. આ કવિયત્રીએ એના અલગ અલગ રૂપ બતાવી એની છાપ મુકી ગઈ...

૪. અશોક ચારણ (જયપુર) : કવિતા સમાજ કા આયના હૈ કહેનાર આ કવિ કદાચ ૩૦ વર્ષથી મોટો નહી હોય, પણ ૬૦ વટાવી ચૂકેલા કવિઓને ભારે પડે એવો હતો...

સાંપ્રત સમસ્યા અને દેશભક્તિને સાંકળતી અને નેતાઓ અને પાકિસ્તાનને ટાર્ગેટ કરતી એમની કરંટ લાગે એવી કવિતાઓ કદાચ આજનાં આ મુશાયરામાં વધુ વખણાઈ...

જીને બોલને કી તમીજ તક નહીં
સંસદ મેં કૈસે સડક છાપ આ ગયે
અને પડોશી દેશ ચીન ઉપર પ્રહાર કરતી પંક્તિઓ...
સીમા પર ખડા એક બૌના, હમકો નીત ધમકાતા હૈ
ચીડિયા જૈસી આંખ નહીં પર હમકો આંખ દિખલાતા હૈ

હિન્દી હાસ્ય કવિ સંમેલનમાં નેતાઓ અને પાકિસ્તાનની ટીખળ કરતી વ્યંગ કવિતાઓએ ધીરગંભીર રહેતાં વિધાનસભાનાં ૧૮૨ ધારાસભ્યોને મન મુકીને હસાવ્યાં : કોન્ફિડન્સનાં જોર પર કવિ સંદિપ શર્મા અને દેશભક્તિની ધારદાર રચનાઓ પર કવિ અશોક ચારણ શ્રોતાઓ પર રાજ કરી ગયાં

ગુજરાતનાં વખાણ અને નરેન્દ્ર મોદીની પ્રશસ્તિવાળી લાઈનોથી ટાઉનહોલમાં તાળીઓનાં પડઘાં કેટલાંય ઘુમરાતાં રહ્યાં...

મૌન સાધ કર મનમોહનજી, તુમ્હારા કબ તક સાસન હોગા
મોદી કો ગુજરાત છોડ કર અબ દિલ્હી જાના હી હોગા

૫. સંદિપ શર્મા (ધાર) : આ કવિએ તો માત્ર 'કોન્ફિડન્સ' શબ્દ પર જ આખી વાતો ઉપાડી લીધી, બીજું બધું ગમે તે હોય 'કોન્ફીડન્સ' જોઈએ.

માલ અગર ઢંગ કા હોગા તો બિના વિજ્ઞાપન હી બીક જાયેગા
કૉન્ફિડન્સ અગર સહી હો તો, મુર્ગા ભી અંડા દેતા હોગા.

સિંગલ હડ્ડી આ કવિએ એવું તો જોર માર્યું કે સતત એણે એનાં વ્યંગ અને કવિતાથી સૌનાં હસતાં અને વિચારવંત રાખ્યાં.

ઈક દિન ઐસા આયેગા કે ત્રિરંગા કે નીચે ઓબામા
ઝરદારી સાવધાન કી મુકામે વંદે માતરમ્ ગાના હોગા

'ભગવા આતંકવાદ' નો જબરદસ્ત જવાબ આપતાં એમને લલકારેલી કવિતાથી સાબિત કર્યું કે ભગવા આતંકી રંગ નહી હોતા, આજના આખા કાર્યક્રમનો શ્રેષ્ઠ પરફોરમર આ કવિ રહ્યાં...

૬. પૂનમ વર્મા (મથુરા) : દેખાવમાં અત્યંત સુંદર આ કવિયત્રી પર નજર સૌની હતી પણ સંદિપ શર્માની ધુંઆધાર ઈનિંગ પછી આમની કવિતા અને શેરો શાયરી સુંદર હોવા છતાં દાદ મેળવવામાં નબળી પડી ગઈ...

શરાબ બની તો મયખાને બને
હુશ્ન બને તો આશીક દિવાને બને
નજરે જો મીલતી તો જાન લેતે, તુમ્હારે દિલ મેં હુઝુર કયા હૈ
જો તુમને પલકે ઝુકાઈ સનમ, તો ફીટ હમારા કુસુર કયા હૈ

શિખર ધવનનાં ઝંઝાવાતમાં જેમ વિજયની સદી ફિક્કી પડી એમ જ પૂનમ વર્માની હાલત થઈ, બાકી કાવ્ય, ગઝલ, શેર અને એની રજૂઆત ખરેખર મજાની હતી...

૭. અલબેલા ખત્રી : 'નૈન ને બંધ રાખીને મેં જયારે તમને જોયા છે. ગાય કરી, નૈનો પે ઈતને ગીત ગુજરાત મેં બને કી ટાટાને ગુજરાતમેં 'નેનો' કા પ્લાન્ટ લગા દીયા... કાર્યક્રમનાં સંચાલકે એમનાં શાયરાનાં અંદાજ અને કટાક્ષવૃત્તિથી મજબૂત સેતુ બાંધી રાખ્યો, એ પોતે અચ્છા કલાકાર છે, પણ એમણે અન્યોને વધુ, તક આપી, એમની ગીતોની પેરોડીની ફેવટીટ આયટમ રજૂ કરી.

હમરે નેતા બડે દગાબાજ રે, બટોર કે વૉટ ભૂલ ગયે હાય રે... નેતા અપની ખુર્સી પે બૈઠે યે યાર ચિપકાયે ફેવિકોસ સે... સંસદ મેં સોનિયા મનમોનહ સે મીલે, માયા કૈસે ના જલે... ચપ્પા ચપ્પા ચરખા ચકે, કાલે કાલે ધન પે નેતા કા ખર્ચા ચલે... અબ તો સારી દુનિયાને યે માના, હિન્દુસ્તાન મોદી કા હૈ દિવાના... ગુજરાત ગૌરવગાથાની કવિતા 'હમારા ગુજરાત' ગમી ગઈ, અલબેલા એ શ્રોતાને નેતાને રંગમાં લાવી દીધા...

૮. સંજય ઝાલા (જયપુર) : આ છેલ્લા આવેલાં કવિએ જેમ ૨૦-૨૦ની મેચની સ્લૉગ ઑવરમાં ધોલાઈ કરે બસ એમ જ ફટકાબાજી કરી.... ન્યૂઝ ચેનલ અને મીડિયાની બરાબરની રીલ ઉતારી... એમણે કવિ ભાગ્યેશ જહાનાં વખાણ કરી કીધું એ બહુ ભણ્યા છે એટલે સરકારનાં નોકર છે, બાકી એ સરકાર હોત...

સોનિયા, બાજપેયી, મનમોહન, લાલુ, રાહુલ ગાંધી, આડવાણી, સુષ્મા બધાંને લપેટીને કરેલી રજૂઆતો મનભરીને માણવા જેવી રહી. એક જ કવિતાની પંક્તિને જુદા જુદા કવિઓનાં અંદાજમાં રજૂ કરેલી આઈટમ વધારે વખણાઈ...

સમગ્ર કાર્યક્રમ હાસ્યની છોળો ઉછાળનારો રહ્યો. મોટા ભાગે કવિઓએ પાકિસ્તાન, રાજકારણ અને નેતાને ટાર્ગેટ કર્યા. એમની નીડરતાં ભર્યાં વ્યંગ - કાવ્યોની ધારદાર રજૂઆત અને શુધ્ધ હિન્દી આ કાર્યક્રમનુ જમા પાસું રહ્યું... દરેક કવિઓએ તાળીઓ ઉઘરાવતા જેટલો સમય બગાડ્યો એટલામાં હજી એકાદ કવિને માણી શકાયા હોત... ધારાસભ્યોની હાજરીમાં એમની જ ટીખળ કરવાની કલાને બિરદાવવી જ રહી...

ઊઘડતે પડદે !

- સંજય થોરાત